R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ **સાપ્તાહિક**

If undelivered pl. return to;
(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

આપનું લવાજમ બાકી છે/હા ( )-ના ( )

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી, અમદાવાદ-૭

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

(મો)૯૮૨૫૧૬૯૩૮૬
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-21 • ISSUE: 31 DATE: 04-08-2012• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## જ્વારા બફરઝોનમાં પ્રતિબંધ છતાં હ્યુમન સફારી ચાલુ

ભારત સરકારે આંદામાન ટાપુ પર જ્વારા આદિવાસીઓના વિસ્તારમાં લાદેલા પ્રતિબંધથી બેરફુટ ઈન્ડીયા ટુરીસ્ટ રીસોર્ટ પર અસર થઈ છે પરતું કેટલાક એક્ટીવીસ્ટોના જણાવ્યા પ્રમાણે હ્યુમન સફારીમાં જવાના માર્ગો હજુ પણ ખુલ્લા છે અને રોકટોક વગર વાહનોની આવનજાવન ચાલુ છે.જો સરકાર આ માર્ગો સંપુર્ણ પણે બંધ નહી કરશે તો પ્રતિબંધની કોઈ અસર થશે નહી.એ માત્ર કાગળ પરનો પ્રતિબંધ જ રહેશે. બેરફુટના જણાવ્યા પ્રમાણે તેઓ ટુરીઝમના વિકાસ માટે સામાજીક જવાબદારી પણ નિભાવી રહ્યા છે.પરંતુ તેમનું કાર્યક્ષેત્ર એ પ્રતિબંધિત વિસ્તારમાં છે તેથી તેમની નિષ્ઠા પર શંકા ઉભી થાય છે.જો કે આ કંપનીએ તેમની કાયદેસરતાને પ્રમાણિત કરવા માટે લાંબો કાનુની જંગ ખેલ્યો છે.કેટલાંય બીજા રીસોર્ટ પ્રતિબંધિત કાયદાને કારણે અસર પામ્યા છે.અને તેમણે નિયામાનુસાર બફર ઝોન છોડવો પડશે.નવા કાયદાને હમણાં જ યુનીયન કેબીનેટે મંજુરી આપી હતી અને તેમાં આ કાયદાનો ભંગ કરનારને ભારે દંડની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં ટુર્સનું આ વિસ્તારમાં આયોજન કરવું,ફોટોગ્રાફ પાડવા,તેમા ખાસ કરીને જ્વારા જાતિના લોકોના ફોટાગ્રાફ લેવા માટે,૩ થી ૭ વર્ષની કેદની સજાનો સમાવેશ કરવામાં આવ્યો છે.એક્ટીવીસ્ટોના જણાવ્યા પ્રમાણે સરકારનો નવો કાયદો આવકારદાયક છે. પરંતુ આંદામાન ટ્રંક રોડ બંધ કર્યા બાદ જો નવા રસ્તાઓ ખોલવામાં આવે તો જ્વારા જાતિને નુકશાન થશે.રોડ બંધ કર્યા પછી પણ લોકો જ્વારા સુધી પહોચી શકે છે.

## અરૂણાચલ ટાઇમ્સની એસો.એડીટર ટોન્ગમ રીના પર જાન લેવા હુમલો



ટોન્ગમ રીના,એસોસીયેટ એડીટર,અરૂણાચલ ટાઈમ્સની કેટલાક અજ્ઞાત બંધુકધારીઓ દ્વારા હત્યાકરવાનો પ્રયાસ કરાયો હતો.જો કે તેણી બચી જવા પામી હતી.અરૂણાચલ ટાઈમ્સ રાજ્યનું પ્રથમ અંગ્રેજી અખબાર છે અને તેના માલિક ભુતપુર્વ મુખ્યમંત્રી ગેગોંગ એપાંગ છે. અરૂણાચલ પ્રદેશ યુનીયન વર્કીંગ જર્નાલીસ્ટે બનાવને વખોડી કાઢ્યો હતો.તેણીને સ્થાનિક હોસ્પીટલમાં સારવાર અપાઈ હતી.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## એલાયન્સ ડિફેન્સ ફંડ હવે એલાયન્સ ડીફેન્ડીંગ ફ્રીડમના નામથી ઓળખાશે

એલાયન્સ ડીફેન્સ ફંડ જે અમેરિકામાં ખ્રિસ્તીઓના કાનુની અધીકારો માટે સૌથી મોટી જાણીતી સંસ્થા છે. તેણે પોતાનું નવું નામ રાખ્યું છે અને હવે તે એલાયન્સ ડીફેન્ડીંગ ફ્રીડમ તરીકે ઓળખાશે.

એડીએફના પ્રેસીડેન્ટ ,સીઈઓ અને જનરલ કાઉન્સેલ એલન સીયર્સે એક પ્રેસ રીલીઝમાં જણાવ્યું હતું કે અમારુ કાર્ય એજ છે.ધાર્મિક સ્વાતંત્રતા માટેની લડત,લગ્નજીવનો અને કુટુંબોમાં થતાં ભંગાણ અટકાવવા.માત્રઅમોએ અમારુ નામ બદલ્યું છે.બદલેલા નામથી વધુ લોકોને મદદ મળી શકશે અને તેઓ આ નામને વધુ સારી રીતે સમજી શકશે.તેથી અમોને કોઈ ફરક પડતો નથી.લોગો લગભગ જુના લોગો જેવો જ છે.પરંતુ તેમાં એક માત્ર ટેગ




લાઈનનો ઉમેરો કરવામાં આવ્યો છે.જેનો અર્થ છે. ફોર ફેઈથ, ફોર જસ્ટીસ.અમારી સંસ્થા સતત કોઈપણ જાતના કંટાળા વગર કાર્યરત છે.અને તેઓ તમામ લોકોને ખાત્રી કરાવે છે કે તેઓ સ્વતંત્ર રીતે પોતાની આસ્થા પ્રમાણે,કાયદાનુસાર સલામત રીતે જીવી શકે છે.ધાર્મિક સ્વાતંત્રા સાથે.

આ સંસ્થાની સ્થાપના ૧૯૯૪માં કરવામાં આવી હતી..નવું નામ એલાયન્સ ડીફેન્ડીંગ ફ્રીડમ ખરેખર રીતે અમારા મિશનને જાહેર કરે છે કે જેમની ધાર્મિક આસ્થા ગેરબંધારણીય રીતે નકારવામાં આવી હોય અને તેમની ધાર્મિક સ્વાતંત્રતાને નડતરરુપ બની હોય ,તેમજ લગ્ન જીવન અને કૌટુંબિક જીવનને બાધારુપ હોય તેવી બાબતોમાં સંસ્થા અને અમારુ મિશન મદદરુપ છે.તાજેતરમાં એડીએફ ન્યુયોર્ક સીટીમાં એક મહત્વનો કેસ જીતી ગયું.જે છેલ્લા ૧૭ વર્ષોથી ચાલતો હતો.જેમાં બ્રોન્ક્ષ હાઉસહોલ્ડ ઓફ ફેઈથ અને બીજા કેટલાંક એનવાયસી ચર્ચો જે પબ્લીક સ્કુલોનું શિક્ષણકાર્ય પત્યા પછી તેમની પ્રાર્થના સભાઓ યોજી શકે છે.અને એ અધિકાર કોર્ટ દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવ્યો હતો.એનવાયસી બોર્ડ ઓફ એજ્યુકેશને દલીલ કરી હતી કે કોઈ એક ધર્મ પ્રત્યે સરકારે ખાસ સદભાવના રાખવી જોઈએ નહી.

## ટામેટામાં ખ્રિસ્તી આસ્થાનું પ્રતિક ક્રોસ હોવાથી તેનો ઉપયોગ બંધ કરવા સાલાફીસ્ટની ચેતવણી

ફેસબુક પર પોપ્યુલર ઈજીપ્શીયન ઈસ્લામીક એસોસીયેશન જે સાલાફીસ્ટ ગ્રુપ તરીકે જાણીતું છે તેણે એવી ચેતવણી ઉચ્ચારી છે કે તેમના અનુયાયીઓએ ટામેટો એ શાકભાજી તો છે પરંતુ તે ખ્રિસ્તી ખોરાક છે.શાકભાજી પણ ખ્રિસ્તી હોઈ શકે છે ?આ ગ્રુપ દ્વારા ટામેટાનો ફોટો પણ છાપવામાં આવ્યો છે અને ટામેટાને કાપવાથી તેમા ક્રોસનું ચિહ્ન દેખાય છે તેથી તેને ખ્રિસ્તી ખોરાક જણાવાયો હતો.ટામેટો ખ્રિસ્તી ઓળખ છે અને તે અલ્લાહની ઓળખ નથી.તેથી આ ફોટો સહુની જાણકારી માટે છે.એક પેલેસ્ટાઈન બહેન જેને અલ્લાહે દર્શન આપ્યું તેમાં ચેતવણી આપવામાં આવી હતી કે તેમના દેશવાસીઓએ ટોમેટો ખાવો જોઈએ નહી.તમે આ સંદેશો લોકોને નહી તો




એનો અર્થ એવો છે કે તમને શેતાન તેમ કરતાં રોકી રહ્યો છે.

ફેસબુક પર આ વાત પ્રસિધ્ધ થતાં તેના ફેસબુકના વપરાશકર્તાઓને આ બાબતે રસ પડતાં જે ગ્રુપે આ સંદેશો મુક્યો છે તેમની પાસેથી આ વિવાદ બાબતે વધુ જાણકારી માંગી હતી.તેના જવાબમાં તેઓએ જણાવ્યું હતું કે અમો ટામેટો ખાવાનું ના નથી કહેતા પરંતુ,તેને એવી રીતે ના કાપો જેથી તેમાં રહેલો ક્રોસ દેખાય.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

**http://jagadishchristian.com**

ઉપરોક્ત વેબ સાઇટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઇ શકાશે.

## નવ ક્રાંતિ

અણ્ણા હજારેનું ઉપવાસ આંદોલનમાં દિશા બદલાઈ રહી હોય તેમ લાગી રહ્યું છે.સહુ પ્રથમ ભ્રષ્ટ્રાચાર બાબતે તેમનું આંદોલન સક્રિય બન્યું હતું. હવે તેઓ ચુંટણીમાં ઉમેદવાર ઊભા કરીને ત્રીજો મોરચો રચવાની ફિરાકમાં છે.અણ્ણા પોતાને આ બાબતે અલગ રાખી રહ્યા છે પરંતુ તેમની આસપાસની ટોળકીના નીતનવા મુદ્દાઓ ઉમેરાતાં જાય છે.હવે તેમને ભ્રષ્ટ્રાચાર ઉપરાંત સત્તા મેળવવાની તાલાવેલી લાગી હોય તેમ સ્પષ્ટ થતું જાય છે.ઉપવાસ આંદોલનમાં બાબા રામદેવ જોડાયા બાદ તેમણે જે પ્રક્રિયાઓ શરુ કરી છે તે બીજી અનેક બાબતોની ચાડી ખાય છે.તેમના ઈરાદાઓમાં બીજી અનેક બાબતોનો સમાવેશ થાય છે.તેમણે સરકારને ગમે તેમ રીતે તોડી પાડવા માટેના ઈરાદાઓ કર્યા હોય તેવી શંકાઓ ઉભી થાય છે.વડાપ્રધાન તેમજ રાષ્ટ્રપતિને જે રીતે નિશાન બનાવાઈ રહ્યા છે તેમાં તેમની સાથે બીજા અનેક લોકોની સામેલગીરી છતી થાય છે.ખેર, કોગ્રેસ એટલી બધી મુર્ખ માની ન શકાય કે તેમને આવી મેલી મુરાદોની ગંધ ના આવે.જો કે કેટલાંક મીડીયાનું પીઠબળ તેમને મળેલું હોય તેમ લાગે છે કારણકે સમાચારોને જે રીતે વિકૃત સ્વરુપ આપી કાગનો વાઘ કરવાની તેમની રીતો સ્પષ્ટ કરે છે કે કંઈક રંધાઈ રહ્યું છે.જે રીતે વડાપ્રધાનના નિવાસસ્થાન સામે દેખાવો યોજાયા અને ત્યાં જે કંઈ થયુ અને તેનું દર્શન કેટલીક વિજાણું સંસ્થાઓ દેખાડ્યું તે પરથી એવો ભાસ થાય છે કે આ ટોળકીને સરકારી અધીકારીઓનો પણ છુપુ પીઠબળ હોઈ શકે ! ભાજપનું જે રીતે રાજકીય ધોવાણ થયું છે તેથી તેને ટેકો કરનારાઓને અણ્ણાની ટોળકીને છુપા આર્શીવાદ હોઈ શકે છે જેથી કોગ્રેસને ફરીથી સત્તા મેળવવા માટે મુશ્કેલીઓ વેઠવી પડે.

## પુરુષ પ્રધાન માનસિકતા ક્યારે બદલાશે?

આમિર ખાનનો શો ‘સત્યમેવ જયતે ’ ની છેલ્લી કડીની શરૂઆતમાં જ તેમણે કહ્યું કે તેમનો હેતુ માત્ર સામાજિક મુદ્દાઓ પર ખુલ્લી ચર્ચા રજૂ કરવાનો છે, તેઓ ક્યારેય પણ કોઈ ન્યાયધીશની જેમ ચુકાદો આપતા નથી કે ફતવો બહાર પાડતા નથી. કેટલાક લોકો તેમનાથી નારાજ છે, કેમકે તેમને સામાજિક બુરાઈનું પ્રસરણ ગમતું નથી. આ બુરાઈ અંદરોઅંદર ફેલાતી રહે તેને તેઓ નુકસાનકારક સમજતા નથી. કેટલાક લોકો એમ પણ કહે છે કે, આ મુદ્દા જૂના છે, પરંતુ સદીઓથી તે વણઉકેલ્યારહી ગયા છે અને આમિરની પહેલથી તેનો ભલે ઉકેલ ન આવે પરંતુ જાહેર ચર્ચા તો જરૂર થઈ રહી છે. પ્રકાશનું કિરણ ક્યારેય પણ ઝાંખું પડતું નથી. જોકે અત્યાર સુધી ઉઠાવાયેલા બધા જ મુદ્દાઓ ક્યાંકને ક્યાંક નારી સાથે જોડાયેલા છે. આ વખતે તેમણે નારી વિરુદ્ધ ઘરેલુ હિંસાનો મુદ્દો ઉઠાવ્યો છે અને ચોંકાવી દેનારા આંકડા રજૂ કર્યા છે. ઘરેલુ અત્યાચારનો ભોગ બનેલી મોટાભાગની મહિલાઓ પોલીસમાં ફરિયાદ દાખલ કરતી નથી કેમ કે પોલીસનો દૃષ્ટિકોણ પણ કંઈક એવો જ હોય છે, જેનો તેઓ ભોગ બનેલી છે.

પતિના અત્યાચારનેઘણી જ મહિલાઓ સહન કરતી હોય છે, કેમકે તેને માટે બીજે ક્યાંય જગ્યા હોતી નથી. હમેશાં માતા-પિતા પણ લગ્નના સમયે પુત્રીને વિદાય કરતી વેળાએ પોતાની જવાબદારીનો છેલ્લો હપતો માને છે. પુત્રોને હથિયારની જેમ અને પુત્રીઓને માથે લટકતી તલવારની જેમ ઉછેરવામાં આવે છે. આ ઘરેલુ હિંસા વિરુદ્ધ સરકાર દ્વારા પસાર કરવામાં આવેલા નિયમની જામકારીના અભાવમાં અત્યાચાર જારી રહે છે. પતિના ઘરના કાયદાકીય અધિકાર ગ્ભલે ગમે તીે પાસે હોય, પરંતુ પત્નીને ઘરમાંથી બહાર કાઢી શકાય નહિ અને વગર દસ્તાવેજે પણ કાયદો તેના અધિકારનો સ્વીકાર કરે છે. અમિર ખાને કેટલાક પીડિતોને રજૂ કર્યા અને તેમના ભયાનક અનુભવોનું તેમના જ મોઢે વર્ણન કરાવાયું. એક મહિલાને તેના પતિએ એટલો માર માર્યો કે થોડા સમય માટે તેનો અવાજ જતો રહ્યો હતો.

સરકારે અનેક શહેરોમાં ઘરેલુ હિંસાનો ભોગ બનેલી મહિલાઓ માટે આશ્રમ બનાવ્યા છે, પરંતુ તેમની સ્થિતિ ખરાબ છે અને વહીવટ કથળેલો છે.પીડિતો માટે હેલ્પલાઈન શરૂ કરવાનું પણ એક સુચન આવ્યું હતું. હકીકતમાં આ મુદ્દો આર્થિક નથી, પરંતુ વિચારધારાનું પરિણામ છે, જેનું સદીઓથી પોષણ કરવામાં આવી રહ્યું છે. તેનાં મૂળિયાં સામાજિક વ્યવસ્થામાં એટલાં ઊંડાં ઉતરેલાં છે કે જ્યારે જવાહરલાલ નહેરુએ સંસદમાં હિંદુ કોડબીલ પાસ કરાવ્યું જેમાં પિતાની સંપત્તિમાં પુત્ર અને પુત્રી બંનેને સમાન અધિકાર આપવાની જોગવાઈ હતી, એ વખતે તાત્કાલીન રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્રપ્રસાદ પણ તેની સાથે સહમત થતાં સંકોચાતા હતા અને અનેક પ્રયત્નો બાદ તેમણે અનિચ્છાએ આ બિલ પર સહી કરી હતી. ભારતમાં મોટાભાગની મહિલાઓ આર્થિક અસમાનતા કે બાળકોના ભવિષ્યને લઈને ચૂપ રહે છે, પરંતુ આવા વાતાવરણમાં બાળકોનો સારો ઉછેર થઈ શકતો નથી.

હકીકતમાં હિંસા મુદ્દો નથી, મુદ્દો તો નારી-પુરુષ સમાનતાનો છે. પુરુષના દૃષ્ટિકોણને બનાવવામાં જિનેટિક પ્રભાવની વાત પણ એક નિષ્ણાતે કરી છે. આ મામલો હિંસાનો નહીં, પરંતુ ભયનો છે. પુરુષને પોતાની નબળાઈનો ભય લાગે છે, જે હિંસાના રૂપમાં અભિવ્યક્ત થાય છે. પુરુષ પ્રેમ કરવા માગે છે, તેની ઈચ્છાઓ અમર્યાદિત છે, પરંતુ પ્રેમ ન કરી શકવાની નબળાઈ અને તેની સાથે જોડાયેલી નિરાશા, ભયની માનસિક ગાંઠ બનીને હિંસામાં વ્યક્ત થાય છે. (સૌઃ દિ.ભા.)

## અસ્પૃશ્યતા અને માથે મેલુ ઉપાડવાની પ્રથા સામે સત્યમેવ જયતેનો નવો એપીસોડ

તાજેતરમાં આમીર ખાન દ્વારા રજુ કરવામાં આવતો સત્યમેવ જયતે એપીસોડમાં અસ્પૃશ્યતા અને માથે મેલુ ઉપાડવાની પ્રથા સામે ચર્ચા કરવામાં આવી હતી.જો કે આ મુદ્દો જુનો છે અને તેની પર અનેક ચર્ચાઓ થઈ છે. પરંતુ એપીસોડમાં સમાજમાં તે કેવી રીતે હાલમાં પ્રવર્તમાન છે અને તેનું ધાર્મિક રીતે કેવું જોડાણ છે તેની ચર્ચા રસપ્રદ રહી હતી.

એપીસોડમાં પ્રથમ મહેમાન તરીકે ડો.ખુશાલ પનવર,કે જેઓ સંસ્કૃતના, દિલ્હી યુની.ખાતે એક પ્રોફેસર તરીકે કાર્ય કરે છે તેઓ હતા.તેઓ જાતિવાદના બાળપણથી જીવનના દરેક તબક્કે ભોગ બન્યા છે તે બાબત તેઓએ જણાવી હતી.

બીજા મહેમાન તરીકે સ્ટાલીન કે. કે જેઓ હ્યુમન રાઈટ્સ એકટીવીસ્ટ તેમજ એવોર્ડ વીનીંગ ડોક્યુમેન્ટરી ફિલ્મમેકર છે તેઓ હતા.તેમણે અસ્પૃશ્યતા સમાજમાં કેટલી હદે છે અને સમગ્ર દેશમાં અને દેશના તમામ ધર્મો પાળતા લોકોમાં કેટલી હદે જોડાયેલી છે તેની વાત કરી હતી.

તેમણે દર્શાવેલી કલીપમાં બતાવાયું હતું કે ઉચ્ચ જાતિના અને નીચલી જાતિના લોકો વચ્ચે કેવા ભેદભાવ છે તે બતાવ્યું હતું.તેમજ ઈસ્લામ, ખ્રિસ્તી, શીખ અને હિંદુ ધર્મમાં કેટલી હદે તે વ્યાપક છે તેનો ચિતાર આપ્યો હતો.તેમણે એક ક્લીપમાં બતાવ્યું હતું કે ખ્રિસ્તીઓમાં પણ ઉચ્ચ અને નીચા એક બે પ્રકારના ભેદભાવ છે.નીચલી જાતિના લોકોના ચર્ચો પણ અલગ છે.ઉપલી જાતિના ખ્રિસ્તીઓ નીચલી જાતિના ખ્રિસ્તીઓના દેવળોમાં પણ જતા નથી.તેમણે ચર્ચની બહાર ઉભી રહેલી એક મહિલાને આ બાબતે પુછતા તેણીએ જણાવ્યું હતું કે ઉપલી જાતિના લોકો એવું માને છે કે તેમના લોહી બ્લુ કલરના છે અને નીચલી જાતિના લોહી લાલ કલરના છે.ખ્રિસ્તી ધર્મ સહુને સમાનતા આપે છે.જે અહીંયા નથી.

માથે મેલુ ઉપાડવાની બાબતે અમાનવીય છે પરંતુ તે પ્રથા હજુ ચાલું છે.માથે મેલુ ઉપાડવાની પ્રથા સામે નેશનવાઈડ મુવમેન્ટના નેતા વિલ્સને જણાવ્યું હતું કે આ અમાનવીય કામગીરીને બંધ કરાવવી જોઈએ




.ભારતમાં ઘણી બધી જગ્યાઓએ આ પ્રથા અમલમાં છે,જે શરમજનક છે.માથે મેલુ ઉપાડવાની પ્રથા સામે અનેક સત્યો ઉજાગર કરવામાં આવ્યા હતા.સત્ય મેવ જયતે દ્વારા સમાજના એવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી રહી છે જે હાલના તબક્કે જરુરી છે.જો કે ઘણા બધા લોકોને તે નાપસંદ હોઈ શકે પરંતુ સત્ય એ સત્ય છે.આમીરખાને ચુંટેલા વિવિધ મુદ્દાઓ જે રજુ થયા એ બધા માટે એ અભિનંદનનો અધિકાર તો અવશ્ય છે તેમાં લેશ માત્ર શંકા નથી.

આણંદ ખાતે લવાજમ સ્વીકારશે

૧.શ્રી કિરીટભાઈ પોલ ક્રિશ્ચીયન, શાંતિનગર સોસા.પરીખ ભુવન પાછળ,આણંદ.૧
મો.૯૯૨૪૪૭૨૮૯૫
૨.શ્રી સુનીલકુમાર એમ. ઈમાનુએલ સોસા.ભાલેજ રોડ, આણંદ.૧ મો.૯૭૧૨૭૪૫૧૯૫
૦૨૬૯૮૨-૨૫૯૨૩૪
૩.શ્રી ગીદીયોલ પોલ, કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.

## ગરીબોની સેવા

જેની જેવી ભાવના તેને તેવું થાય, એ નિયમ મારે વિશે લાગુ પડતો મેં અનેક વેળા અનુભવ્યો છે. લોકની સેવા એટલે ગરીબની સેવાની મારી પ્રબળ ઈચ્છાએ ગરીબોની સાથે મારું અનુસંધાન સદાય અનાયાસે કરી આપ્યું છે.

ગરીબો વિશેનો અત્યંત પ્રેમ મારી જિંદગી સાથે પહેલેથી જોડાયેલો છે. મારા ભૂતકાળના જીવનમાંથી દૃષ્ટાંત ટાંકીને હું બતાવી શકું કે મારામાં એ જન્મસિદ્ધ વસ્તુ છે. મારી ને ગરીબોની વચ્ચે કંઈ ભેદ છે એમ મેં કદી માન્યું જ નથી. એમને મેં મારાં સગાંસંબધી જ ગણ્યાં છે.

મને પૃથ્વીના નશ્વર રાજ્યની સ્પૃહા નથી, મારો તો સ્વર્ગનું રાજ્ય એટલે ‘મોક્ષ’ મેળવવાનો પ્રયાસ છે અને એ સાધ્ય પ્રાપ્ત કરવાને ગુહાનો આશ્રય લેવાની કશી જરૂર નથી. એક ગુહા તો નિત્ય નિરંતર હું સાથે લઈને ફરું છું - જો મને તેનું જ્ઞાન રહ્યા કરતું હોય તો.

ગુહાવાસી તો મનના મહેલ પણ રચે, જ્યારે મહેલમાં રહેનાર જનક જેવાને કોઈ મહેલ રચવાની જરૂર પણ ન રહે. જે ગુહાવાસીનું ચિત્ત સદાય સંસારમાં ભમ્યા કરતું હોય તેને શાંતિ નથી. પણ અનેક રાજ્યવૈભવ ભોગવવા છતાં જનકને એવી શાંતિ હોય કે જેનો પાર નહીં પામી શકાય.

મારે માટે તો મોક્ષનો માર્ગ મારા દેશની અને તે દ્વારા જનસમાજની સેવામાં અનવરત પરિશ્રમ કરવામાં જ રહેલો છે. મારે પ્રાણીમાત્રની સાથે અભેદભાવ અનુભવવો છે.

મારું જીવન એકરૂપ છે, અખંડ છે, અને મારી બધી પ્રવૃત્તિઓ એકબીજા જોડે સંકળાયેલી છે. અને એ બધીનો ઉદ્ભવ મારા અખૂટ માનવપ્રેમમાંથી થયેલો છે.

મારી આખી જિંદગીમાં મારા બોલવાનો અને કહેવાનો અનર્થ થવા વિશે મને નવાઈ નથી રહી. દરેક લોકસેવકની એ જ દશા છે. તેણે પોતાનું હૈયું કઠણ રાખવું ઘટે છે. દરેક અનર્થનો જવાબ આપવો પડે અને ખુલાસો આપવો પડે તો જિંદગી વસમી થઈ પડે. અને મારું તો જીવનસૂત્ર થઈ પડ્યું છે કે જ્યાં પ્રવૃત્તિને ખાતર આવશ્યક હોય તે સિવાયના કોઈ પણ પ્રસંગે અનર્થોના ખુલાસામાં ન ઊતરવું. આ નિયમથી મારો ઘણો સમય ને ચિંતા બચ્યાં છે.

મને લોકો ચક્રમ, ધૂની અને ગાંડો કહે છે. હું એ ખ્યાતિને યોગ્ય છું એ સ્પષ્ટ છે. કારણ, હું જ્યાં જ્યાં જાઉં છું ત્યાં ત્યાં મને ચક્રમ, ધૂની અને ગાંડા માણસો આવી મળે છે. -ગાંધીજી.

ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

## વિચિત્ર દેશ

“આપણો બડો વિચિત્ર દેશ છે. અહીં કેટલીય બાબતો એવી છે, જેને કારણે ભારતવાસી હોવા બદલ આપણે શરમાવું પડે. શરમજનક બાબતોની સાથોસાથ આપણા લોકોની કેટલીક ખૂબીઓ એવી પણ છે, જેને કારણે આપણી છાતી ગજગજ ફૂલે. એક પ્રાધ્યાપક ઘરે મળવા આવ્યા. તેમણે પૂછ્યું : “વિવેકબુદ્ધિ એટલે શું ?” જે જવાબ તરત સૂઝ્યો તે આવો હતો. મેં કહ્યું:“બિકિની અને બૂરખા જેવા બે અંતિમો વચ્ચે જેનો નિવાસ હોય તે વિવેકબુદ્ધિ કહેવાય. એ વિવિકબુદ્ધિ આપણને નકામી પરંપરાઓ થોડી છૂટ આપે છે.” હવે અશ્વમેધ યજ્ઞ કદી નહીં થઈ શકે. હવે એકલવ્યને અન્યાય ન થઈ શકે. હવે ખાંડવવનનું દહન ન થઈ શકે. હવે યજ્ઞ હિંસા નહીં થઈ શકે. હવે અર્જુનના પુત્ર અભિમન્યુના પૌત્ર જન્મેજયે કરેલો તેવા હિંસક સપસત્રની કલ્પના પણ ન થઈ શકે. હવે અસ્પૃશ્યતા નહીં ટકી શકે. હવે વર્ણભેદ સર્વથા અસ્વીકાર્ય ગણાય. હવે મરજીપૂર્વક થયેલાં લગ્નો જ આવકાર્ય ગણાય. હવે દીકરી સાસરે જાય ત્યારે જો એની પેટીમાં દસ સારાં પુસ્તકો હોય તો એનું માવતર શોભી ઊઠે. હવે કોઈ ગરીબ છોકરીને ભણવામાં આર્થિક મદદ પહોંચાડવી એ જ સો બ્રાહ્મણ જમાડવાનું પુણ્ય! ઠંડાં પીણાં પીવાનું ટાળીને પુસ્તકમેળામાં જઈને સારાં પુસ્તકો ખરીદવાં એ જ નવી ફેશન! જૂની ફેશન તૂટે અને નવી ફેશન સર્જાય તે માટેની સમજણયુક્ત તત્પરતા એ જ ‘વિવેકબુદ્ધિ’. એવી ‘વિવેકબુદ્ધિ’ વિનાનો માણસ લલ્લુ ગણાય. દેશની ગરીબી બહુસંખ્ય લલ્લુઓને કારણે ટકી રહેલી છે. એક મ્યાનમાં બે તલવાર ન સમાય એમ એક જ સમાજમાં વિવિકબુદ્ધિ અને ગરીબી ન સમાય.”(ડો. ગુણવંત શાહ. ‘ વિચારોના વૃંદાવનમા’, ૧૭ જૂનના દિ.ભા.)

ઉપરછલ્લી રીતે વાંચતાં લેખકના શબ્દો વાચકોને બહુ પ્રેરણામય લાગશે પરંતુ ધ્યાનથી અને મેગ્નીફાયીંગ ગ્લાસથી જોતાં તેમાં ભરાયેલા-છલકાતા પૂર્વગ્રહો તથા અસત્યનો અપપ્રચાર આંખે આવીને વળગશે. જરા વધુ સ્પષ્ટતા કરું.

લેખક પોતાને આધુનિક, પ્રગતિશીલ અને જૂનવાણી નહિ તેવું બતાવવા ઘણીયે વાર ગાંધીજીના સેક્સ અંગેના વિચારોને અનુમોદન આપતા નથી. યુરોપના કોઈ એક સ્થળે સમુદ્રતટે પ્રવાસીઓ નિર્વસ્ત્ર થઈને મઝા માણવા આવતા હોય છે તેનું લેખકે એક વખતે વર્ણન કર્યું હતું અને વખાણ કર્યાં હતાં એ મેં વાંચેલું છે. એટલે બિકિનીની ટીકા અહીં કરી તેની નવાઈ લાગે છે. બૂરખાની ઉપેક્ષા કરે છે તે પણ અયોગ્ય ગણાય કારણ ભારતમાં અમુક કોમોમાં લાજ કાઢવાનો રિવાજ છે તે પણ સ્ત્રીઓની ગુલામી સૂચવે છે. હજી પણ રબારી, ભરવાડ તથા વણજારા કોમોની સ્ત્રીઓને જે પોષાક પહેરવા પડે છે, કાનમાં, નાકમાં તથા હાથપગે જે ભારેખમ ચૂડીઓ, બંગડીઓ વગેરે પહેરવાની ફરજ પડે છે એ તો બૂરખા કરતાં પણ વધારે ત્રાસદાયક છે જેનાથી લેખક પૂરેપૂરા સભાન છે તેમ છતાં એવા રિવાજને નહિ પરંતુ, મુસ્લિમ મહિલાઓના બૂરખાની હાંસી ઉડાવે છે. આજે પણ ઘણા વિસ્તારોમાં આદિવાસી પુરુષો માત્ર લંગોટી કે પોતિયું જ પહેરે છે (ગરીબીને કારણે) અને મહિલાઓ ટૂકી સાડી (કચ્છ) અને ટૂંકો બ્લાઉઝ પહેરતી હોય છે, સ્તન ઢાંકતી નથી. લેખક આ બાબત પર જાણે ઢાંકપિછોડો કરતા હોય તેમ લાગે છે. ‘વિવેકબુદ્ધિ’ની વ્યાખ્યા આપતી વખતે પાશ્ચાત્ય દેશોની મહિલાઓની બિકીની ને બદલે ભારતની આદિવાસી મહિલાઓનો પોષાક અને મુસ્લિમ મહિલાઓના બૂરખાને બદલે માલધારી મહિલાઓના પોષાકનો ઉલ્લેખ કરી તેની હાંસી ઉડાવવાની હિંમત કરી હોત તો તે યોગ્ય ગણાત. બિકીની દ્વારા પશ્ચિમના લોકો અને બૂરખા દ્વારા મુસ્લિમ કોમની જે આડકતરી રીતે અને બહુ જ ચાલાકી પૂર્વક ટીકા કરી તે બાબત લેખકના પ્રસ્તુત ઉભય વર્ગો પ્રત્યેના પૂર્વગ્રહોની ચાડી ખાય છે. વાચકો બધા મૂર્ખ નથી કે આ જોઈ ન શકે.

લેખક હિંદુ ધર્મમાં વ્યાપક અંધશ્રદ્ધાઓ તથા કલંકરૂપ અસ્પૃશ્યતા, વડીલોના આગ્રહ કે દબાણને કારણે કરાતાં લગ્નો વગેરે હવે ટકી શકશે નહિ તેવી વાત કરે છે એ હકીકત પણ સત્યથી અને નક્કર વાસ્તવિકતાથી માઈલો દૂર વેગળી છે તે જાણતા ન હોય તેમ માની શકાતું નથી. રોજરોજના અખબારી, ટી.વી. તથા રેડીઓના સમાચારો લેખકના તેમણે કરેલા દાવાને પડકાર ફેંકે છે.

‘ન.ક્રાં.’ અને ‘ગ.ન.ક્રાં.’ ના વાચકોને આગ્રહભરી અપીલ કે તેઓ કોઈ પણ લખાણને ગોસ્પલ ટ્રુથ માની ન લે પરંતુ, બુદ્ધિપૂર્વક વાંચીને તેને તર્કની સરાણે ચઢાવ્યા બાદ જ તેને સ્વીકૃતિ કે અસ્વીકૃતિ આપે. આને ‘ક્રિટીકલ થીંકીંગ’ અને ‘ક્રીટીકલ રીડીંગ’ હેબીટ કહેવાય છે, જે પોતાને ભણેલા કે શિક્ષિત માનતા સહુ કોઈએ કેળવવી જોઈએ. આજે શાળા કોલેજોમાં શિક્ષણ માત્ર માર્કલક્ષી ને પરીક્ષાલક્ષી બની ગયું હોઈ વિદ્યાર્થીઓમાં આ પ્રકારની બૌદ્ધિક ક્ષમતા કેળવાતી નથી અને પરિણામે તેમના વ્યક્તિત્વમાં ઊંડાણ (ગહનતા-ડેપ્થ)ની ઘણી મોટી ઉણપ રહી જાય છે ને સહેલાઈથી પ્રચલિત માન્યતાઓ તથા ખાસ કરીને તો જાહેરાતો દ્વારા કરાતા પ્રચારનો ભોગ બની જાય છે ને ભારે આર્થિક તથા નૈતિક નુકસાન વેઠવું પડે છે. આ બાબતે માબાપો, વાલીઓ અને વડીલો પોતાનાં સંતાનોને સહાયરૂપ બની શકે ને માર્ગદર્શન પૂરું પાડી શકે જો તેમણે પોતે ‘ક્રિટીકલ થીંકીંગ’ અને ‘ક્રીટીકલ રીડીંગ’ સુટેવ કેળવી હોય. આવી સુટેવને અભાવે માબાપો, વાલીઓ અને વડીલો બાઈબલમાં ઈસુ કહે છે તેમ ‘અ બ્લાઈન્ડ લીડીંગ અ બ્લાઈન્ડ’ અર્થાત ‘આંધળો આંધળાને દોરે’ જેવા બની રહેશે.

- ફાધર વિલિયમ

## આસામમાં પુરગ્રસ્તોની સહાયમાં જોડાતી ખ્રિસ્તી સંસ્થાઓ



આસામમાં આવેલા વિનાશક પુરથી થયેલ તારાજીમાં અસરગ્રસ્તોની વહારે કેટલીક ખ્રિસ્તી સંસ્થાઓએ રાહત કાર્યો શરુ કરી દીધા છે.પરિસ્થિતિ ખુબજ નાજુક છે છતાં પણ આ સંસ્થાઓ કંટાળ્યાવગર અસરગ્રસ્તોની મદદ કરી રહી છે.વર્લ્ડ વિઝન,કારીતાસ,ચર્ચીસ ઓકઝીલરી ફોર સોસ્યલ એક્સન, કાસા આ રાહત કાર્યોમાં જોડાયેલા છે.

૧૯૯૮ ના વર્ષ બાદ આવેલ આ ભયાનક પુરે ૧૦૦ જેટલા વ્યક્તિઓનો ભોગ લીધો છે.જો કે પાણી ઉતરી રહ્યા છે.પરંતુ બ્રહ્મપુત્રાના પાણી હજુ કેટલાક ગામોને ધમરોળી રહ્યા છે.રોડ રસ્તાઓ ધોવાઈ ગયા છે.જેથી રાહત પુરવઠો પહોચાડવામાં રાહત કાર્યો કરનારા કાર્યકરોને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.આસામના ૨૨૦૦ જેટલા રોડ ધોવાઈ ગયા છે.બ્રહ્મપુત્રા નદીના પાણીના કારણે કેટલાંક ગામડાઓ જ ધોવાઈ ગયા છે.ઉભા પાકો અને જાનવરો તણાઈ ગયા છે.પરિણામે પીવાના પાણીની સમસ્યા ઘેરી બની છે.કાસાએ ગત સપ્તાહે ૨હજાર કુટુંબોને જીવન જરુરીયાતની ચીજવસ્તુઓની કીટની વહેચણી કરી હતી.કાસામાં ૬૦ જેટલા કાર્યકરો કાર્ય કરી રહ્યા છે જેમને ડીઝાસ્ટર મેનેજમેન્ટની ખાસ તાલીમ અપાયેલી છે.

કેથોલીક એનજીઓ કારીતાસ પણ પુરગ્રસ્ત વિસ્તારોમાં કાર્ય કરી રહ્યું છે.જેમાં ૨ મેડીકલ કેમ્પો પણ ખોલવામાં આવ્યા છે.ખાસ અસરગ્રસ્ત જીલ્લાઓમાં સોનીટપુર, સુતીયા બ્લોક,નાદુર સર્કલ છે.જ્યાં કારીતાસ તરફથી ૩ ડોકટર અને ૮ નર્સોની એક ખાસ ટીમ કાર્ય કરી રહી છે.તેઓ દ્વારા દવાઓ, સાબુ, એન્ટીસેપ્ટીક લોશન,બીસ્કીટ વગેરે અસરગ્રસ્તોને પુરા પાડવામાં આવી રહ્યા છે.

આસામના પાંચ લાખ લોકો પુરના કારણે બેહાલ બન્યા છે.જે વિસ્તારોના લોકો ને અસર પહોચી છે તે વિસ્તારોમાં લખીમપુર,ધીમાજી ,દિબ્રુગઢ, જોહહાટ, સીબસાગર, સોનીપત, નાગોન, કામરુપ, નલબાન,બારપેટા અનેધુબરી વિસ્તારો છે. કારીતાસના જણાવ્યા પ્રમાણે અંદરના વિસ્તારોમાં પાણી વધુ હોવાને કારણે તેમજ બોટની અછત ના કારણે ત્યાં જઈ શકાતું નથી. પરિણામે ત્યા બેહાલ લોકોને મદદ પહોચાડવી અશક્ય બની છે.પાણીનો પ્રવાહ અને તેની ઝડપ એટલી બધી હોવાને કારણે આ વિસ્તારોના ઉભી ફસલ તણાઈ ગઈ છે.જેથી ખેતીવાડી ક્ષેત્રે ભારે નુકશાન પહોચ્યું છે.

### જાણવા જેવું !

માછલીઓની આંખો બે ફુટથી દુરની વસ્તુઓ જોઈ શકતી નથી.

વિશ્વમાં મળી આવતાં સૌથી નાના ઓકટોપસની લંબાઈ અઢી સે.મી.હોય છે.

મગરની જીભ તેના મોઢાના ઉપરના ભાગ સાથે જોડાયેલી હોય છે.તેને કારણે મગર ચાવવાની ક્રિયા કરી શકતોનથી.પરંતુ તેનો પાચનરસ એટલો શક્તિશાળી હોય છે કે તે લોખંડની વસ્તુઓ સુધ્ધાં પચાવી શકે છે.

ડુર આ દુનીયાનું ચોથુ સૌથી બુધ્ધિમાન પ્રાણી છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

રૂબિના એપાર્ટમેન્ટ, ડૉ. લોરેન્સ એવન્યુ પાસે,સિયોન નગર મણિનગર પૂર્વ , અમદાવાદ - ૮

મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૯૮૨૫૩૬૯૪૨૦

★ **નીલા ફાઇનાન્સ** ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

‘નીલીવા કુંજ’ પંડિત નહેરુ વિધાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

**શાલેમ મેરેજ બ્યુરો**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-

**શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૫૭૪૩૭૦૪૩૨

# નાઇજીરીયામાં ચર્ચમાં જવું પણ હવે ખતરો છે



નાઈજીરીયન સત્તાવાળાઓના જણાવ્યા પ્રમાણે મુસ્લીમ કટ્ટરવાદીઓ દ્વારા ખ્રિસ્તીઓ પર કરાયેલા હુમલામાં ૧૦૦થી વધુ ખ્રિસ્તીઓના મોત નિપજ્યા છે.જ્યારે મિશનરીઝના જણાવ્યા પ્રમાણે ૫૦ પાસ્ટર અને મિશનરી લીડરો પર હિંસામાં માર્યા ગયા છે.એસોસીએટેડ પ્રેસના જણાવ્યા પ્રમાણે ૧૩ નાઈજીરીયન ગામડાઓ પર હુમલા કરવામાં આવ્યા હતા ત્યાં બધાજ ખ્રિસ્તીઓની વસતી છે.

નાઈજીરીયામાં હવે ચર્ચમાં જવું એક ભયજનક બાબત બની ગઈ છે.કારણકે ગમે ત્યારે કટ્ટરવાદીઓ દ્વારા આતંકી હુમલો થઈ શકે છે.અને ચર્ચમાં પ્રાર્થના માટે ગયેલા લોકોએ પોતાનો જાન ગુમાવવો પડે તેવી ભીતી છે તેથી નાઈજીરીયાના ખ્રિસ્તીઓ ચર્ચમાં જતા ગભરાય છે. સરકાર મુસ્લીમોનું રક્ષણ કરે છે,નહી કે ખ્રિસ્તીઓનું. તેથી આ હિંસાચાર અટકવાનો નથી.મુસ્લીમો માટે કાયદો અને ન્યાય અસરકારક બનાવવો જરુરી છે.જેથી કાયદાનો ભંગ કરનારને સજા થાય અને કાયદાનું પાલન થાય.તેવું જોનાથાન રેચો,આઈસીસી,આફ્રિકાએ જણાવ્યું હતું.

ઈન્ડોનેશીયાના જંગલોમાં ટાગુઆન નામે ઓળખાતી બે ફુટ લાંબી ઉડતી ખિસકોલીઓ હજાર ફુટનું અંતર ઉડતા ઉડતા કાપે છે.

ડુક્કર ક્યારેય આકાશ તરફ નથી જોઈ શકતા.

સાપની રોગપ્રતિકારક શક્તિ તેના ઝેરમાં રહેલી હોય છે.

નવું જન્મેલું કાંગારુનું બચ્ચું માત્ર એક ઈંચ લાંબુ હોય છે.

સુરખાબ ટોળામાં હંમેશા વી આકારમાં ઉડે છે

**સમાચાર સંપાદન**
**શ્રી સંજય પોલ ચૌહાણ**

# નાગાપુટ્ટીનમ, તામીલનાડુમાં ખ્રિસ્તીઓ પર હુમલો

સીરકાલી,નાગાપુટ્ટીનમ,તામીલનાડુ ખાતે ભારતીય જનતા પાર્ટી અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કટ્ટરવાદી પરિબળો દ્વારા ખ્રિસ્તીઓ પર હિંસક હુમલાઓ કરવામાં આવ્યા હતા.જેમાં એક ખ્રિસ્તીનું મોત નિપજ્યું હતું.અને ૧૫ ખ્રિસ્તીઓ ધાયલ થયા હતા.ઈવેન્જલીકલ ફેલોશીપ ઓફ ઈન્ડીયાના જણાવ્યા પ્રમાણે હિંદુ કટ્ટરવાદીઓ દ્વારા આ વિસ્તારમા વસતા લોકોને ખ્રિસ્તીઓનો બહિષ્કાર કરવા હુકમ બહાર પાડવામાં આવ્યો હતો.તેમજ ખ્રિસ્તીઓને પ્રાર્થના માટે જતા રોકવાનો આદેશ કરવામાં આવ્યો હતો.

જુન ૨૩ ના રોજ પરિસ્થિતિમાં સુધાર લાવવા માટે અને શાંતિ જાળવણી માટે ફિશરીઝ મિનિસ્ટર કે એ જયપાલે એક મીટીંગ યોજી હતી.પરંતુ તેનું કોઈ પરિણામ આવ્યું નહોતું ઉલટાનું મીટીંગ પત્યા બાદ જ કટ્ટરવાદીઓના ટોળાઓએ હથિયારો લઈને ખ્રિસ્તીઓના ઘરો પર હુમલાઓ કર્યા હતા.તેમજ હિંસા આચરી હતી.આ હિંસાચાર દરમિયાન કટ્ટરવાદીઓ દ્વારા ખ્રિસ્તીઓના ચાર ઘરોને સંપુર્ણ સળગાવી દેવામાં આવ્યા હતા.પરિણામે જાન બચાવવા આ વિસ્તારમાં વસતા ખ્રિસ્તીઓ ભાગી છુટ્યા હતા.કેટલાક ખ્રિસ્તીઓએ પુમ્પુહર પોલિસ સ્ટેશને આ બાબતે ફરિયાદ નોધાવવા માટે ગયા હતા પરંતુ પોલિસે તેમની ફરિયાદ લીધી નહોતી.

કટ્ટરવાદીઓના ટોળાએ આચરેલી હિંસામાં ઈજાગ્રસ્ત બનેલા એક ખ્રિસ્તી નામે મહાલીંગમનું હોસ્પીટલ ખાતે મૃત્યુ થયું હતું.તેના પુત્ર રાજેન્દ્રને આ બાબત જણાવી હતી.પરંતુ પોલીસે તેને ખુનના બદલે કુદરતી મોતમાં ખપાવી દીધું હતું.

**વિનંતી**



**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

# સન ઓફ હમાસ, મોહંમદ પયંગબર પર ફિલ્મ બનાવશે

મોસાબ હસન યુસુફ, ખ્રિસ્તી ધર્માંતર કરનાર,હમાસના એક નેતાનો પુત્ર ઈસ્લામના પયંગબર મોહમંદ પર ફિલ્મ બનાવવા પર કાર્ય કરી રહ્યો છે તેવું સીબીએસ ન્યુઝે જણાવ્યું હતું.યુસુફે જેરુસાલેમ ખાતે બોલાવેલી એક પ્રેસ કોન્ફરન્સમાં આ પ્રોજેકટ બાબતે જણાવ્યું હતું.તેની ૨૦૦૭માં ઈઝરાયેલ છોડ્યા બાદની આ પ્રથમ મુલાકાત હતી.તેણે જણાવ્યુ હતું કે આ ખરો સમય છે જેમાં ઈસ્લામના સત્યો બાબતે જણાવવું પડે.તેણે કહ્યું હતું કે 'ઈસ્લામ એ શાંતિનો ધર્મ નથી.'તેણે ઉમેર્યું હતું કે ઈસ્લામ એ યુધ્ધનો ધર્મ છે.મોટાભાગના મુસ્લીમો ઈસ્લામનો ખરો અર્થ સમજતા નથી.આજે જ સાચો સમય છે તેથી હું અહીંયાથી તે જાહેર કરુ છું ,જે ટેમ્પલ માઉન્ટની નજીક છે.



યુસુફે તેના પુસ્તક સન ઓફ હમાસમાં લખ્યું છે કે તેણે ઈઝરાયેલી સિક્યુરીટી સાથે કાર્ય કર્યુ હતું અને તેમાં ઈઝરાયેલીઓ સામે ટેરર એટેકને બંધ કરવા માટે પણ ભાગ લીધો હતો.ઘણા બધા પેલેસ્ટાઈનીઓ,તેના માંબાપ સહિતના લોકો તેને ઈસ્લામને બદનામ કરનારો બતાવ્યો હતો અને તેને મોતની સજા થવી જોઈએ તેમ પણ ઈચ્છા ધરાવી હતી.યુસુફની માતાએ જણાવ્યું હતું કે હું તેને કશું કહેવા માંગતી નથી કારણકે તે હવે મારો પુત્ર રહ્યો નથી.તેણે તેની વફાદારી અન્ય ધર્મને આપી દીધી છે.અમો હજુ પણ મુસ્લીમ છીએ અને તેણે અમારા ધર્મ પર હુમલો કર્યો છે.

પરંતુ યુસુફે તેના ખિસ્તી વિશ્વાસ બાબતે કોઈ અફસોસ જાહેર કર્યો નહોતો.સામાન્ય રીતે કોઈપણ વ્યક્તિ કોઈપણ પ્રકારનું ખોટુ કાર્ય કરે તો તે માટે તેને શરમ લાગે છે.લોકોને અંધકારમાં રહેવું પસંદ પડે છે.પરંતુ હું પ્રકાશમાં જીવું છું. મે કશું ખોટું કાર્ય કર્યું નથી.પરંતુ માણસોની જીંદગી બચાવવા આ કર્યું છે. તેવું યુસુફે જણાવ્યું હતું.

# ૨૦૦૨ના ગુજરાતના દંગાઓ દરમિયાન નુકસાન પામેલા પવિત્ર સ્થળોનો સુપ્રીમે હિસાબ માંગ્યો

સુપ્રીમ કોર્ટ દ્વારા ગુજરાત સરકારને ૨૦૦૨માં મુસ્લીમો વિરુધ્ધ ભડકેલી હિંસા દરમિયાન તોફાનીઓ દ્વારા તોડફોડ અને નુકસાન કરાયેલ પવિત્ર સ્થળોની જાણકારી માંગી હતી.સુપ્રીમ કોર્ટ,ગુજરાત સરકાર દ્વારા દાખલ કરાયેલ એક અરજી પર સુનાવણી કરી રહી હતી.જેમાં ધાર્મિક સ્થળોને થયેલ નુકસાન પેટે સરકારે કેટલી રકમની ફાળવણી કરી છે તેનો પણ હિસાબ માંગ્યો હતો.રાજય સરકાર હાઈકોર્ટ દ્વારા વળતર આપવાના ચુકાદા ઉપર સ્ટે માંગવા માટે સુપ્રીમમાં અરજી કરી હતી.

રીપોર્ટમાં જણાવ્યાનુસાર,એપેક્ષ કોર્ટ એ પણ તપાસસે કે હાઈકોર્ટ રાજ્ય સરકારને નુકસાનીના વળતર પેટે કોઈ હુકમ કરી શકે છે કે કેમ ?એપેક્ષ કોર્ટની બેંચમાં જસ્ટીસ કે.એસ.રાધાક્રિશ્નન જેઓ બેંચના વડા છે તેમણે જણાવ્યું હતું કે આર્ટીકલ ૨૭ મુજબ કેસનો તપાસવામાં આવશે.ટેક્ષ પેયરના ફાળામાંથી આ રકમ વાપરીને આ ધાર્મિક સ્થળોની મરામત થઈ શકે છે કે કેમ ?ગુજરાત હાઈકોર્ટના કાર્યકારી ચીફ જસ્ટીસ ભાસ્કર ભટ્ટાચાર્ય અને જસ્ટીસ જે બી પારડીવાડાએ ૫૦૦ ધાર્મિક સ્થળો જે નુકશાન પામ્યા છે તેમને વળતર આપવાનો હુકમ કર્યો હતો.ઈસ્લામીક રીલીફ કમિટિ ઓફ ગુજરાત દ્વારા કરાયેલ એક અરજીમાં ૫૭૨ સ્થળોને વળતર આપવાની રજુઆત કરવામાં આવી હતી.સરકારની બેદરકારી માટે કોર્ટે કડક આલોચના કરી હતી.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

**ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,**

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫


| નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે. | અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે. |
| --- | --- |
| શ્રી ભાઈલાલભાઈ ટેલર, પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨<br>શ્રી વિલિયમભાઈ ટી.પરમાર, નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨<br>શ્રી.એસ.કે અમીન, આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨ | શ્રી લોઈડભાઈ ક્રિશ્ચિયન, જીવન સાહિત્ય ભંડાર, શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮<br>ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ, શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨ |


**★ લગ્ન વિષયક ★**

**ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર**

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386



તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.